**ડાયરેક્ટ ❤ સે**

નિર્દોષ કોઈ નથી હોતું
આ દુનિયામાં
બસ,
કેટલાંક એવાં હોય છે
જેમના ગુના
પકડાતા નથી

**જન્મદિને વધામણી**


ગીતાબેન અશ્વિનભાઈ જાટીયા
બોરીજ પ્રાથમિક શાળા
આહિર લેડી બડ્ઝ ગૃપ


દેવેન્દ્ર ડુંગાણી
મો. ૯૯૦૯૦ ૩૪૪૯૦


સૌરભ ગોવિંદભાઈ સોલંકી
મો. ૯૫૧૦૦ ૨૦૨૭૩


હીર યોગેશ પટેલ
મો.૯૪૨૭૪ ૦૯૨૯૩

### બી.પી.કૉલેજ ઓફ બીઝનેસ એડમિનીસ્ટ્રેશન દ્વારા

# રાજ્યકક્ષાનો 'આયના-મેગ્નેટ' તેમજ એન્ટપ્રેન્યોર ફિએસ્ટા





ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગરમા આવેલ કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન બી.પી.કૉલેજ ઓફ બિઝનેસ ઍડમીનીસ્ટ્રેશન ખાતે સતત ૧૮ વર્ષથી 'આયના' શૈક્ષણિક તેમજ સાંસ્કૃતીક કાર્યક્રમ તેમજ મેનેજમેન્ટ પ્રદર્શન અને ઉધોગગ સાહસિકતાનું પ્રાયોગિક અમલીકરણ આમ ત્રણ ક્ષેત્રે વિદ્યાર્થીઓને કેળવવા માટે નો ત્રિવેણી સંગમ સમાન કાર્યકર્મની શરૂઆત બીબીએ કોલેજની વિદ્યાર્થીનીઓ દ્વારા પ્રાથનાથી કરવામાં આવી હતી. આ વર્ષનાં કાર્યક્રમને કડી સર્વ વિશ્વવિદ્યાલયનાં ડાયરેક્ટર ડી. ટી. કાપડિયા દ્વારા ખુલ્લો મૂકવામાં આવ્યો હતો તેમજ સે-૨૩,કડી કૅમ્પસનાં ડાયરેક્ટર સૉમભાઈ પટેલ અતિથીવિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. કોલેજના આચાર્ય ડો.રમાકાંત પૃષ્ટિ દ્વારા તમામ મહેમાનો તેમજ વિદ્યાર્થીઓને સંસ્થાની વિવિધ પ્રવૃતિઓનો પરિચય આપ્યો હતો. તેમજ કડી સર્વ વિશ્વવિદ્યાલય ના કમ્પ્યુટર વિભાગ ના ડીન ડો.સંજયભાઈ શાહ કોમર્સ કોલેજના આચાર્ય ડો.વિજ્ઞા ઓઝા એમ.બી.એ. વિભાગના એચ.ઓ.ડી ડો.સોનું ગુપ્તા પણ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા.ત્રણે ઈવેન્ટના ઓવર ઓલ ઇન્ચાર્જ ડો.જયેશ તન્ના દ્વારા તમામ ઈવેન્ટ વચ્ચે ખુબ સમન્વય સ્થાપ્યું હતું. તેમજ તમામ વિદ્યાર્થીઓ અને સ્ટાફ ને કાર્યક્રમની રૂપરેખા તૈયાર કરી આપી હતી.આ વર્ષ ની થીમ જીવન ના વિવિધ રંગ ને અનુરૂપ વિદ્યાર્થીઓ એ ખુબ આકર્ષક રીતે કચ્ક્ર્યામ ને ઓપ આપ્યો હતો.

આ વર્ષે ગુજરાતની કુલ ૩૯ શાળાઓ ના ૪૦૦૦ વિદ્યાથીઓ વિવિધ સ્પર્ધાઓ માં ભાગ લેવા આવ્યા હતા. તેમજ તેની સાથે સાથે કોલેજ ના ૮૬૪ વિદ્યાર્થીઓ પણ વિવિધ કમિટીઓ માં તેમજ મેગ્નેટ પ્રદશન આયના ની સ્પર્ધાઓ અને એન્ટર પેન્યોર ની સ્પર્ધાઓ માં ભાગ લઈ રહ્યા છે. આમ કોલેજ નો એક પણ વિદ્યાર્થી એવો નથી જે કોઈ ને કોઈ રીતે ઈવેન્ટ મેનેજમેન્ટ કે સ્પર્ધાઓ સાથે પ્રત્યક્ષ રીતે જોડાયેલ ન હોય. કુલ ૧૩ સ્પર્ધાઓ માં ગુજરાત ના વિવિધ ક્ષેત્ર ના ખ્યાતનામ વ્યક્તિઓ ને નિર્ણાયક તરીકે બોલાવવા માં આવ્યા છે. જે વિદ્યાર્થીઓ ને યોગ્ય નીરાન્ય તો આપ્શેજ પરંતુ સાથે સાથે તેઓને તેમની ભૂલો પણ જણાવશે અને વ્હાવીશ્ય માં વધુ સારું પ્રદર્શન કરવા યોગ્ય માર્ગદશન આપશે.

કૉલેજ ના અધ્યાપકો દ્વારા તમામ વિદ્યાર્થીઓ દ્વારા થતા કાર્યનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું તેમજ વિદ્યાર્થીઓ ને મેનેજમેન્ટ કાર્ય ના પ્રાયોગિક અમલીકરણ માટે સુસજજ કર્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે.કે તમામ સ્પર્ધાઓમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓને કોલેજ તરફથી પ્રમાણપત્ર એનાયત કરવામાં આવશે. તેમજ તેની સાથેસાથે વિજેતા પ્રથમ અને બીજા ક્રમને ટ્રોફી આપવામાં આવશે.મેગ્નેટ મેનેજમેન્ટ પ્રદર્શનમાં કોલેજ ના ૨૭ ગુપ ભાગ લઈ રહ્યા છે. જેમાં ૧૬૬ વિદ્યાર્થીઓ નો સમવેશ થાય છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ મેગ્નેટ પ્રદશનમાં વિદ્યાર્થીઓ એ મેનેજમેન્ટ ના સિદ્ધાંતોને અનુરૂપ પ્રોજેક્ટ તૈયાર કર્યા છે.

એન્ટરપેન્યોર ફિયેસ્ટામાં કોલેજના કુલ ૧૭ ગ્રુપ દ્વારા ૮૫ જેટલી ફૂડ અને હેન્ડી ક્રાફ્ટ ની પ્રોડક્ટ્સ તૈયાર કરવા માં અવી છે. તેમજ ૧૦ વિદ્યાર્થીઓ ની કમિટી સમગ્ર મેનેજમેન્ટ કરી રહી છે.

સમગ્ર કાર્યક્રમનું આયોજન કૉલેજનાં આચાર્ય ડૉ.રમાકાન્ત પૃષ્ટિ,ઑવર ઑલ ઈંચાર્જ ડૉ. જયેશતન્ના તેમજ 'આયના' ઈવેન્ટ ઈંચાર્જ ડૉ.નીરવ જૉશી, મેગ્નેટ ઈવેન્ટ ઈન-ચાર્જ પ્રો.અમિતા પ્રજાપતિ અને એન્ટર પેન્યોર ફિયેસ્ટા ઈન્ચાર્જ ડો.આશિષ ભુવા સાથે સમગ્ર કૉલેજ પરિવાર દ્વારા સફળતાપુર્વક આગળ વધી રહ્યો છે.

# એરફોર્સમાં જોડાવા માટે હવે 'ઓનલાઈન' પરીક્ષા

ગાંધીનગર, તા. ૧૪

ભારતીય વાયુદળમાં ભરતી થવા માટે યુવાનો ઓનલાઈન પરીક્ષા આપીને ભરતી થઈને દેશની સેવા આપી શકશે. મંગળવારે સવારે રક્ષા રાજ્ય મંત્રી સુભાષ ભામરેએ વાયુદળ મુખ્યાલય ખાતે ભારતીય વાયુદળની ઓનલાઈન પરીક્ષા માટેના વેબ પોર્ટલનું ઉદ્ધાટન કર્યું હતું. આ પ્રસંગે તેમણે ભારતીય વાયુદળને પ્રધાનમંત્રીનાં 'ડિજિટલ ઈન્ડિયા'ના વિઝનમાં પ્રદાન કરવા બદલ અભિનંદન આપ્યા હતા. તેમણે સેન્ટર ફોર ડેવલપમેન્ટ ઓફ એડવાન્સ કમ્પ્યુટિંગ (સી-ડેક) સાથે સંયુક્ત રૂપે ઓનલાઈન પરીક્ષા વ્યવસ્થા વિકસાવવા બદલ ભારતીય વાયુદળને અભિનંદન પણ આપ્યા હતા. ઉદઘાટન દરમિયાન એર માર્શલ એસબી દેવ પીવીએસએમ એવીએસએમ વીએમ વીએસએમ એડીસી વાઈસ ચીફ, એર સ્ટાફ સહિત વાયુ દળનાં વરિષ્ઠ અધિકારીઓ હાજર હતા.

ભારતીય વાયુદળ, ઓફિસર અને એરમેન કેડરની ભરતી કરવા માટે આઈટી અનેબલ્ડ ઓનલાઈન પરીક્ષા લેનાર સેનાની ત્રણે પાંખોમાં સૌપ્રથમ પાંખ છે. આ દરખાસ્તને રક્ષા મંત્રીએ ૨૪ ઓક્ટોબર ૨૦૧૭નાં રોજ સૈદ્ધાંતિક મંજૂરી આપી હતી. સી-ડેક સાથે જોડાણમાં ભારતીય વાયુદળ જાન્યુઆરી, ૨૦૧૮થી ઓનલાઈન ટેસ્ટિંગનો અમલ કરશે, જે માટે ઓનલાઈન નોંધણી પ્રક્રિયા ૧૫ ડિસેમ્બર, ૨૦૧૭થી શરૂ થશે.

ભારતીય વાયુદળમાં ઓફિસર્સ અને એરમેન કેડર માટે પસંદગીની વ્યવસ્થા સતત બદલાઈ રહી છે અને ટેસ્ટિંગ સિસ્ટમને મજબૂત કરવા સ્થાયી પ્રયાસો કરવામાં આવ્યા છે. વર્તમાન સિસ્ટમ સમયની કસોટી પર ખરી પુરવાર થઈ હોવા છતા ટેસ્ટિંગ ક્ષમતા અને ભૌગોલિક પહોંચનો અવરોધ સૌથી મોટી મર્યાદાઓ હતી, જેથી સમગ્ર દેશનાં લાયક અને કુશળ તમામ ઉમેદવારો, ખાસ કરીને ગ્રામીણ યુવાનો તક મેળવી શકતા નહોતા. આ વ્યવસ્થા સુધારવા ભારત સરકારની એજન્સી સી-ડેક સાથે સમજૂતી કરાર (એમઓયુ) થયા હતા.

# જીઆઈપીએસ દ્વારા સ્થાપના દિવસની ઉજવણી





ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલને ૧૨ વર્ષ પૂર્ણ થયાં. આ અનુસંધાને સ્કૂલ દ્વારા સ્થાપના દિવસની ઉત્સાહપૂર્ણ ઉજવણી હાથ ધરવામાં આવી હતી. શાળાના ઉજજવળ ભાવિ માટે સત્યનારાયણ દેવની કથા તથા હોમહવન જેવા ધાર્મિક કાર્યક્રમોનું આ પ્રસંગે આયોજન કરવામાં આવ્યું હતું. શાળાની બર્થ ડે ઉજવવા ભૂલકાઓ દ્વારા બર્થ ડે સોંગ ઉપર ડાન્સની પ્રસ્તુતિ કરવામાં આવી હતી અને પ્રાથમિક તથા માધ્યમિક કક્ષાના વિદ્યાર્થીઓએ પણ સુંદર ડાન્સની પ્રસ્તુતિ કરી હતી. ટ્રસ્ટી, ડિરેક્ટર સહિત સમગ્ર શાળા પરિવાર આ પ્રસંગે ઉપસ્થિત રહ્યો હતો.

# ગુજરાત યુનિ. લશ્કરની જરૂરિયાતો માટે સંશોધન કરશે

ગુજરાત યુનિવર્સિટીમાં આગામી દિવસોમાં લશ્કરની ત્રણેય પાંખની નાની-નાની જરૂરયાતો અને આવશ્યકતાઓને ધ્યાનમાં રાખીને ખાસ રીસર્ચ એટલે કે સંશોધન કરવાનું નક્કી કરાયુ છે. પી.જી. અને પીએચડીના વિદ્યાર્થીઓ દ્વારા થનારા આ સંશોધનને ઉત્પાદકીય સ્વરૂપ આપી શકાય તે માટે યુનિવર્સિટી અને ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી વચ્ચે ખાસ એમઓયુ કરવામાં આવ્યા છે. ચેમ્બર સાથે જોડાયેલી ૪ હજાર જેટલી સ્મોલ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા જે સંશોધન થાય તેનુ પ્રોડક્શન કરવામાં આવશે. હાલમાં ભારતીય લશ્કરમાં આર્મી, નેવી, અને એરફોર્સમાં જે પ્રકારની ચીજ-વસ્તુઓની જરૂર પડે છે તે પૈકી ૭૦ ટકા સામાન બહારથી આયાત કરવામાં આવે છે. જેના કારણે આપણે અન્ય દેશો પર નિર્ભર રહેવુ પડે છે. પરંતુ જો આ તમામ ચીજવસ્તુઓ ભારતમાં જ બનવાનું શરૂ થાય અને તેનુ પ્રોડકશન પણ સ્થાનિક કક્ષાએ જ થાય તો આગામી દિવસોમાં આત્મનિર્ભર બની શકે તેવા આશયથી યુનિવર્સિટી અને ચેમ્બર વચ્ચે એમઓયુ કરવામાં આવ્યા છે.

# 'સિસિકા'ના સાંસ્કૃતિક કાર્યક્રમમાં સૌ કલાકારોએ રંગ રાખ્યો











જેમાં પાંચ-છ વર્ષના બાળકથી માંડીને, ૮૦-૮૨ વર્ષના વડીલ પર્ફોર્મ કરતા હોય, જેમાં ગીત-સંગીત, નૃત્ય અને અભિનય એમ બહુરંગી કલાથી પ્રસ્તુતિ હોય એવો કાર્યક્રમ એટલે તા. ૧૦ ડિસેમ્બરે યોજાઈ ગયેલો સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ, ગાંધીનગર આયોજિત સાંસ્કૃતિક કાર્યક્રમ...

ગાંધીનગરની આ સેવાભાવી સંસ્થાનું આ રજતજયંતિનું વર્ષ હતું. અનેકવિધ લોકકલ્યાણ અને સમાજસેવાલક્ષી પ્રવૃત્તિઓના ક્ષેત્રે સાતત્યપૂર્ણ પચીસ વર્ષ પૂરાં કરવાં એ આવી સંસ્થા માટે નાનીસૂની વાત નથી, બલ્કે સમગ્ર ગાંધીનગર માટે ગૌરવ લેવા જેવી વાત છે. આવી સિસિકા વિવિધ કાર્યક્રમો દ્વારા એનું રજત જયંતિનું વર્ષ ઊજવી રહ્યું છે અને એ અંતર્ગત તાજેતરમાં સિસિકાના સભ્યો, સભ્યોના પરિવારજનો દ્વારા બહુ સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

તા. ૧૦ ડિસેમ્બની ઢળતી બપોરથી સાંજ સુધીનો ત્રણ કલાકનો આ મનોરંજક કાર્યક્રમ કડી કેમ્પસના નાથીબા હોલ ખાતે સંપન્ન થયો. અમદાવાદથી રંગભૂમિ તથા ટીવીના જાણીતા દિગ્દર્શક, કલાકાર, નિર્માતા અને લેખક શ્રી પ્રફુલ્લ ભાવસારે મંગલદીપ પ્રગટાવી પ્રસ્તુત સાંસ્કૃતિક કાર્યક્રમને ખુલ્લો મૂક્યો હતો. અને વરિષ્ટજનોને જીવનની સૅકન્ડ ઈનીંગમાં પણ સતત પ્રવૃત્તિશીલ રહી, આવી સમાજોપયોગી પ્રવૃત્તિઓ કરવા બદલ અભિનંદન પાઠવી, સિસિકા આયોજિત આ કાર્યક્રમને આવકાર્યો હતો.

આ નાનકડા ઉદ્ઘાટન સમારંભ પછી તરત જ કુ. ઋત્વા પુરાણીના ખૂબ જ સુંદર ગણેશ વંદનાના શાસ્ત્રીય નૃત્યની પ્રસ્તુતિથી સાંસ્કૃતિક કાર્યક્રમનાં મંગળાચરણ થયાં હતાં. નાનકડા શ્રેય આચાર્યએ સ્વામી વિવેકાનંદના પરિવેશ સાથે વિવેકાનંદજીનો સંવાદ 'ઊઠો, જાગો અને ધ્યેયપ્રાપ્તિ સુધી મંડ્યા રહો' અંગ્રેજીમાં અભિનય સાથે રજૂ કર્યો, જેને પ્રેક્ષકોએ તાળીઓથી વધાવી લીધો હતો. એ પછી ગાંધીનગરની પહેલી ઈંટ મૂકાઈ તેનાય બે મહિના પહેલાં અહીં આવી વસેલા વડીલ શ્રી ચંદ્રવદનભાઈ મોદીએ કવિ પ્રદીપજીએ લખેલું અને ગાયેલું ફિલ્મ 'નાગમણિ'નું ગીત 'પિંજરે કે પંછી રે...' ગાઈને પ્રેક્ષકોને ખુશ કરી દીધા હતા. ગીત-સંગીતની પ્રસ્તુતિના પ્રથમ ચરણમાં એ પછી શ્રી જયરામભાઈ સોનીએ ફિલ્મ ગોપીનું મહેન્દ્ર કપૂરે ગાયેલ 'રામચંદ્ર કહે ગયે સિયા સે...' રજૂ કર્યું. ફિલ્મી ગીતોની વચ્ચે સ્વ. અવિનાશ વ્યાસ રચિત ને સંગીતબદ્ધ કરેલ અતિ જાણીતું ગુજરાતી ગીત 'મારી વેણીમાં ચાર ચાર ફૂલ...' લઈને આવ્યાં મહિલા અગ્રણી શ્રીમતી શર્મિષ્ઠાબહેન દવે. પુનઃ ફિલ્મી ગીતોના દોરમાં શ્રી કિરીટભાઈ અગ્રાવતે ફિલ્મ 'મેરે સનમ'નું મહંમદ રફીના કંઠે ગવાયેલ ગીત 'પુકારતા ચલા હું મૈં...' રજૂ કરી ભારે દાદ મેળવી હતી. જ્યારે લતા મંગેશકરનું ફિલ્મ અનપઢનું ગીત 'આપ કી નઝરોં ને સમજા...' લઈને આવ્યાં શ્રીમતી મંજુલાબહેન ભલગામી.




આ સમગ્ર સાંસ્કૃતિક કાર્યક્રમની મજાની વાત એ હતી કે કોઈ પ્રોફેશનલ કલાકાર ન હતા. દરેક પોતાના શોખ ને મસ્તી માટે મનગમતી અભિવ્યક્તિ કરી રહ્યાં હતાં. તો વળી, ક્યારેક એક જ પરિવારના પૌત્ર કે પૌત્રી ને દાદા પોતાની કલાની અભિવ્યક્તિત કરી રહ્યા હતા... અહીં વ્યવસાયે ઈજનેર ને ડૉક્ટર્સ પણ ભાગ લઈ રહ્યા હતા... ડૉ. તન્વી દોશીની ફિલ્મ 'મેરા સાયા...'નું ગીત 'તુ જહાં જહાં ચલેગા...'ની રજૂઆતને પ્રેક્ષકોએ રસપૂર્વક માણી ને આવકારી હતી. જ્યારે એમના ડૉક્ટર પતિદેવ ડૉ. પર્વ દોશી અચ્છા માઉથ ઑર્ગન પ્લેયર છે. એમણે પણ માઉથ ઑર્ગન ઉપર 'યાદ કિયા દિલ ને કહાં હો તુમ...' (ફિલ્મ : પતિતા, સંગીત : શંકર-જયકિશન) વગાડીને વાતાવરણમાં અનેરી રંગત લાવી દીધી હતી.

ગીત-સંગીતની વચ્ચે સિસિકાની મહિલા પાંખનાં સક્રિય કાર્યકર શ્રીમતી બીનાબહેન શાહે 'આદર્શ સાસુ'ના 'રોલ'માં એકપાત્રીય અભિનયની ઝલક બતાવી... ગીત-સંગીતની પ્રસ્તુતિના બીજા ચરણમાં રજૂ થયાં ગુજરાતી ગીતો, ભજન અને ફિલ્મી ગીતો... શ્રીમતી ફાલ્ગુની પુરાણીએ પ્રસ્તુત કર્યું ગીત 'તેં તો રાત આખી વાંસલડી વગાડ્યા કરી...' ત્યારબાદ 'હેજી માડી તારી મમતાની મીઠાશે રે...' અને રમણલાલ શ્રીમાળીનું સ્વરચિત ભક્તિ ગાન થયું તો શ્રીમતી જશુબહેન ઠક્કરે સ્ત્રીશક્તિની વંદનાનું ગીત 'નારી તું નારાયણી' રજૂ કર્યું.... એ પછી ખરેખર જમાવટ કરી ગયા શ્રી ઍલ ટી બોરા અને શ્રી હસમુખભાઈ શાહ. આ બંને નીવડેલા ગાયકોએ અનુક્રમે 'સજનવા બૈરી હો ગયે હમાર...' અને 'દુનિયા બનાનેવાલે ક્યા તેરે મન મેં સમાઈ...' (ફિલ્મ : તીસરી કસમ, ગાયક : મુકેશ) બખૂબી પ્રસ્તુત કરીને પ્રેક્ષકોની 'વાહ-વાહ' મેળવી હતી. હસમુખભાઈ શાહ (પ્રમુખશ્રી, સિસિકા) અને શ્રીમતી ફાલ્ગુની પુરાણીના 'જરા સામને તો આઓ છલીએ...' (ફિલ્મ : જમન જમન કે ફેરે) એ ડ્યુએટ સોંગ પણ પ્રેક્ષકોને ખૂબ પસંદ પડ્યું હતું.

પ્રસ્તુત કાર્યક્રમમાં કુ. ઋત્વા પુરાણીએ પ્રારંભે ગણેશવંદનાના શાસ્ત્રીય નૃત્ય પછી એટલી જ સરસ રીતે વેસ્ટર્ન ડાન્સ રજૂ કરી બધાંને આશ્ચર્યચકિત કરી દીધાં હતાં... તો નાનકડી બેબી કુ. માહિકા સોનીએ પણ 'પ્રેમ રતન ધન પાયો' ગીત ઉપર સુંદર ડાન્સ દ્વારા કમાલ કરી હતી. એવું જ સુંદર હતું કુ. માનુષી શાહ દ્વારા કી-બૉર્ડ પર વગાડવામાં આવ્લું ફિલ્મી ગીત. આવી નાની બાળા દ્વારા કી-બૉર્ડ ઉપર ફરતી આંગળીઓ થકી રેલાતા સૂર સૌને સંમોહિત કરી ગયા.

આપણો સાંસ્કૃતિક કાર્યક્રમ ગરબા વગર અધૂરો જ કહેવાય... એટલે જ સિસિકાની મહિલા પાંખની બહેનો 'માડી બહુચરા અને દેવી અંબિકા...' એ શબ્દો સાથે ગરબે ઘૂમી... આ વયસ્ક બહેનોનાં ઉત્સાહ, સ્ફૂર્તિ અને ઉમંગે ગુંથાયેલો ગરબો જોવો એ પણ આ કાર્યક્રમનો એક લહાવો હતો.

અંતિમ ચરણમાં રજૂ થયાં બે નાટકો. સિસિકાની મહિલા પાંખની બહેનો સિનિયર સિટિઝન્સ કાઉન્સિલની અને મહિલા પાંખની પ્રવૃત્તિઓની વાત સુપુરે રજૂ કરી ગઈ. શર્મિષ્ઠાબહેન દવેએ સુંદર-હળવી શૈલીમાં લખેલું આ નાટક 'જાગ્યા ત્યાંથી સવાર'ને રંગમંચ ઉપર રજૂ કર્યું હતું સર્વશ્રી મીનાબહેન શાહ, આશાબહેન મહેતા અને દામિનીબહેન લાખિયાએ...

અને છેલ્લે આવ્યું પ્રેક્ષકો જેની આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા હતા એ એકાંકી નાટક 'ભાઈ...ભાઈ... સગો ભાઈ...' કાર્યક્રમના મુખ્ય મહેમાન ભાઈ શ્રી પ્રફુલ્લ ભાવસાર લિખિત, પ્રકાશ લાલા દિગ્દર્શિત નાટકમાં ભરપૂર હાસ્ય હતું તો ભીની લાગણીઓની સંવેદનાઓ પણ હતી. શ્રીમતી આશાબહેન સરવૈયા, મનન પુરામી, હસમુખભાઈ મેકવાન અને એમના પ્રકાશ લાલાએ એમના સુંદર-કુશળ અભિનય થકી નાટકની પ્રત્યેક ક્ષણને અને વાતને જીવંત બનાવી હતી. પ્રેક્ષકોએ આ નાટકને મન ભરીને માણ્યું અને વખાણ્યું હતું. નાટકમાં ભાઈ નિરવ મેકવાનનું સંગીત સંકલન અને સંચાલન પણ સરસ હતું. આમ સમગ્ર કાર્યક્રમમાં સૌ કલાકારોએ રંગ જમાવ્યો હતો અને ઉપસ્થિત સૌએ ખૂબ માણ્યો હતો.

ગુજરાતી ગીતો-ફિલ્મી ગીતોને સંગીતથી ભર્યા-ભર્યા બનાવ્યાં હતાં મ્યુઝિક એરેન્જર શ્રી હિમાંશુ ગાયકવાડ અને સાથીઓએ, તો સમગ્ર કાર્યક્રમનું સફળ-રસપ્રદ સંચાલન સંભાળ્યું હતું સુશ્રી ચેતનાબહેન બુચે...

સિસિકાના આ સાંસ્કૃતિક કાર્યક્રમના સફળ આયોજન માટે રજતજયંતિ મહોત્સવ સમિતિના પ્રમુખ શ્રી ભાનુપ્રસાદ પુરાણી તથા સિસિકાના પ્રમુખ શ્રી હસમુખભાઈ શાહ તથા શ્રી મહેન્દ્રભાઈ શાહ અને ટીમને અભિનંદન.